GJRJ020428882022

રાજકોટના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

(મ્યુનિસીપાલ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ

ફોજદારી કેસ નં. ૩૦૭૫૭/૨૦૨૨

આંક–

FORM–A

રાજકોટના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનિસીપાલ)(કે.આર.ગાગનાણી) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.રાજકોટ.	
જજમેન્ટ તારીખ	૦૧–૦૭–૨૦૨૬
ફોજદારી કેસ નં.	**૩૦૭૫૭/૨૦૨૨**
ગુના રજી. નં.	ખાનગી ફરીયાદ
ફરીયાદી	નિર્મળભાઇ નારણભાઇ બકુતરા રહે.રણુજાધામ સોસાયટી, પીરવાડી પાસે કોઠારીયા રોડ, રાજકોટ.
ફરીયાદી પક્ષે	વિધ્વાન વ.શ્રી વિમલ એચ.ભટ્ટ
આરોપી	અજયભાઇ કાનજીભાઇ ખાટરીયા રહે.પ્લોટનં.૧૨૫, જે.કે.પાર્ક, શેરીનં.૨ નુ છેલ્લુ મકાન પાણીના ટાંકા સામે, સ્વાતીપાર્ક મેઇન રોડ,રાજકોટ.
બચાવપક્ષે	તહોમતદાર તરફે વિ.વકીલશ્રી એસ.એમ.ડાંગર

FORM–B

ગુનાની તારીખ	–
એફ.આઈ.આર.ની તારીખ	–
પ્લી/તહોમતનામું ઘડયાની તારીખ	
પુરાવાની શરુઆતની તારીખ	૨૫–૦૪–૨૦૨૪
ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ	૧૨–૦૫–૨૦૨૬
ચુકાદાની તારીખ	૦૧–૦૭–૨૦૨૬
સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો.	––––

–:આરોપીની વિગત:–

આરોપીનો અનું.નં.	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુકિતની તારીખ	તહોમત	શું નિર્દોષ છોડયા / સજા કરી	કરવામાં આવેલ સજા	Cr.P.C. કલમ ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો
૧	અજયભાઈ કાનજીભાઈ ખાટરીયા	–	–	**ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ અને ૧૪૨ મુજબ**	નિર્દોષ	––	––

FORM–C

:–ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીઓની યાદી–:

(એ). ફરીયાદ પક્ષ.

અનું.નં.	નામ	પુરાવાનો પ્રકાર
PW−1	શ્રી નિર્મળભાઇ નારણભાઇ બકુતરા	ફરીયાદી
PW−2	આંક−૪૨ ભાવિનભાઇ જયંતિભાઇ ની જુબાની	સાહેદ

(બી). બચાવ પક્ષ.

અનું.નં.	નામ	પુરાવાનો પ્રકાર
DW−1	અજયભાઇ કાનજીભાઇ ખાટરીયા નુ જુબાનીનુ સોગંદનામુ	આરોપી

(સી).અદાલત દ્રારા.

અનું.નં.	નામ	પુરાવાનો પ્રકાર
CW−1	કોઈ સાહેદ તપાસેલ નથી.	−−−−

:−ફરીયાદી/બચાવપક્ષ/કોર્ટના આંકની સુચી−:

(એ). ફરીયાદ પક્ષ.

અનું.નં.	આંક નંબર	વિગત
૧	૪	ફરીયાદી નિર્મળભાઇ નારણભાઇ બકુતરાની સોગંદ ઉપરની જુબાની
૨	૧૨	સાટાખતનો કરાર
૩	૧૩	આરોપીએ આપેલ ચેક નં.૦૧૦૩૫૦
૪	૧૪	આરોપીએ આપેલ ચેકનં.૦૧૦૩૫૧
૫	૧૫	આરોપીએ આપેલ ચેકનં.૦૧૦૩૫૨
૬	૧૬	રીટર્ન મેમો
૭	૧૭	રીટર્ન મેમો

૮	૧૮	રીટર્ન મેમો
૯	૧૯	આરોપીને આપેલ નોટીસ
૧૦	૨૦	આરોપીને આપેલ નોટીસ
૧૧	૨૧	મનીરીસીપ્ટ
૧૨	૨૨	ઓનલાઇન ટ્રેક રીપોર્ટ
૧૩	૩૫	મકાનનો વેંચાણ દસ્તાવેજ
૧૪	૩૬	પ્લોટનો વેંચાણ દસ્તાવેજ
૧૫	૪૩	બેંકનો એકાઉન્ટ કલોઝ લેટર સંયુક્ત
૧૬	૪૪	કલોઝીંગ પુરસીસ

(બી). બચાવ પક્ષ દ્રારા નીચે મુજબના પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

અનું.નં.	આંક નંબર	વિગત
૧	૫૩	આરોપીએ ફરીયાદીને કરેલ ગુગલ–પે નો સ્ક્રીન ફોટો
૨	૫૪	ભારતીય પુરાવા અધિ.કલમ–૬૫(બી) મુજબનુ સર્ટી.
૩	૫૭	કલોઝીંગ પુરસીસ

(સી). અદાલત દ્રારા બીજા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

(ડી). ભૌતિક પદાર્થ કબ્જે કરવામાં આવેલ નથી.

// ઠ રા વ //

(૧) ફરિયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ (જેને હવે પછીથી ટુંકમા ''ધી એન. ઈ. એકટ'' એ રીતે ઉલ્લેખ કરેલ છે) ની કલમ –૧૩૮ અન્વયે દાખલ કરેલી છે.

<u>ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે,</u>

આરાપી ની માલીકીની મીલ્કત કે જે ગુજરાત રાજયના રજી. ડીસ્ટીકટ, રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવેલ કોઠારીયાના ર.સ.નંબર ૧૨૧/૧ પૈકીની જય ખોડીયાર પાર્ક (જ ક. પાર્ક) તરીકે ઓળખાતી રહેણાંક હેતુ માંટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજરીવાળા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં ૧૨૫ની જમીન ચો.વા. આ.૧૨૯–૩૨ જેના ચો.મી.આ.૧૦૮–૧૦ ઉપર પશ્ચીમના કાટખુણા ની જમીન ચો.વા.આ.૬૪–૬૬ બરાબર ચો.મી.આ.૫૪–૦૫ ઉપર મકાન આવેલ છે જે મકાન આ કામના આરોપી પાસેથી અમો ફરીયાદીએ રૂા.૧૮,૦૦,૦૦૦/–માં ખરીદવાનું નકકી કરેલ હતુ. સદરહુ મીલ્કતના અમો ફરીયાદીએ રૂા.૧૮,૦૦,૦૦૦/– પૈકી રૂા.૧૫,૦૦,૦૦/–ચુકવતા આ કામના આરોપીએ અમો ફરીયાદીના નામનું સાટાખત કરાર નોટરીશ્રી શામજીભાઈ જે.શેખડા રૂબરૂ નોટરી રજી.પઈજ નં૩૫૫/૨૧ જેના સીરીયલ નં૬૩૦૧,રીસીપ્ટ નં ૬૩૦૧ થી કરી આપેલ હતો.જે કરાર મુજબ આ કામના આરોપીએ દીન ૯૦માં અમો ફરીયાદીના નામનો બાકીની અંવેજ સ્વીકારીને પાકા વેચાણ દસ્તાવેજ કરી આપવાનો હતો પરંતુ આ કામના આરોપીને અમોએ ગત તા:૨૭/૯/૨૨ ના રોજ લીગલ નોટીસ આપતા ધરમેળે સમાધાન થયેલ જેથી આ કામના આરોપીએ અમોએ ચુકવેલ રૂ. ૧૫,૦૦,૦૦૦ તથા ભાડા પેંટ રૂા.૩૮,૦૦૦/– આરોપીએ ચુકવવા નું કબુલ કરીને આ કામના આરોપીએ અમોને પોતાના આઈસીઆઈ સીઆઈ બેંક, કાલાવડ રોડ, રાજકોટના ખાતા નં ૬૨૪૮૦૧૫૨૯ ૨૫૧ના ચેક નં ૦૧૦૩૫૦ તા:૪/૧૧/૨૨નો રૂા.૫,૩૮,૦૦૦/– નો,૦૧૦૩૫૧ તા૮/૧૧/ ૨૨ નો રૂા.૫,૦૦,૦૦૦/–તથા ૦૧૦૩૫૨ તા:૮/૧૧/૨૨ રૂા.૫,૦૦,૦૦૦/–ના આપેલ હતા. સદરહુ રકમ ચુકવવા આરોપીએ અમો ફરીયાદીને ચેકો આપતી વખતે આરોપીએ એવો પાકો વચન, વિશ્વાસ અને ખાતરી આપેલ હતી કે

સદર ચેક વટાવવા નાખશોતો અમોને અમારા નાણાં મળી જશે. ત્યારબાદ આરોપીએ આપેલ સદર ચેકો અમો ફરીયાદીએ અમારી બેંકમાં વટાવવા નાખતા સદરહુ ચેકો "ACCOUNT CLOSED શેરા તા: ૯/૧૧/૨૦૨૨ ના રોજ પરત ફરેલ હતો. જેથી કાયદાની જોગવાઈઓ મુજબ અમોએ આ કામના આરોપીને રજી.એડી. પોસ્ટથી તા:૨૨/૧૧/૨૨ના રોજ નોટીસ આપેલ હતી જે નોટીસ આ કામના આરોપીને મળી ગયેલ હોવા છતાં આ કામના આરોપીએ અમારી લેણી રકમનું પેમેન્ટ કરેલ નથી. આમ છતાં આરોપીએ અમારી લેણી રકમનું પેમેન્ટ કરેલ નથી.આ રીતે કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ સાથે વાંચતા કલમ ૧૪૨ મુજબનો શિક્ષાત્મક ગુન્હો કરેલ છે. આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ધી નેગોશીએબલ ઈસ્ન્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮, ૧૪૨ મુજબ ફરીયાદ દાખલ કરેલ છે.

<u>ફરીયાદ દાખલ થયા બાદની કાર્યરીતી</u>

(૨) હાલની ફરીયાદ દાખલ થયા બાદ ફરિયાદીની સદર ફરિયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે, જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદની નકલ તથા દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડવામાં આવેલ છે ત્યારબાદ આરોપીનો તા.–૧૧–૧૨–૨૩ ના રોજ આંક: ૧૦ થી નિવેદન લેવા માં આવતાં આરોપીએ તેની સામેના આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરતાં સદરહુ કેસ ફરીયાદપક્ષના પુરાવાના તબકકે મુકરર કરી આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

<u>ફરીયાદી અને આરોપી તરફે રજૂ કરેલા દસ્તાવેજો</u>

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે ઉપર જણાવેલ ફોર્મ સી મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.ત્યારબાદ ફરીયાદપક્ષે આંક: ૪૪ થી પુરાવા બંધની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે

<u>ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન</u>

(૪) ફરિયાદ પક્ષનો પુરાવો રજૂ થયા બાદ આરોપીનો ક્રિ.પ્રો. કોડની કલમ: ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ નકારવામાં આવેલ છે વધુમાં જણાવેલ છે કે સદર નોટરી લખાણમા ચેકની કોઇ વિગત દર્શાવવામા આવેલ ન હોય ફરીયાદી દ્વારા અન્ય વ્યવહારને સદર કેસમા ખોટી રીતે રજુ કરવામા આવેલ છે. અમો તદન નિર્દોષ છીએ ફરીયાદીએ અન્ય વહીવટને સદર કેસમા જોડેલ છે અમો આરોપી દ્વારા આોપવામા આવેલ ચેકમા જાતે પોતાની રીતે લેણુ ઉભુ કરી અમો આરોપીની જાણબહાર બેંકમા ડીપોઝીટ કરી દીધેલ છે અમો આરોપીએ ફરીયાદીને કયારેય પણ કોઇ ખાત્રી આપેલ નથી કે સદર ચેક સંબંધેનુ કોઇપણ લખાણ કરી આપેલ નથી. જેથી અમોને નિર્દોષ છોડી મુકવા નમ્ર અરજ છે. અમો જેથી ફરીયાદ રદ કરવા અરજ છે.

<u>ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૪ મુજબ દલીલો</u>

(૫) ત્યારબાદ આ કામે ફરીયાદીના વિ.વ.શ્રીએ આંક–૬૦ થી લેખીત દલીલ રજુ કરેલ છે તેમજ ફરીયાદ તથા સોગંધ નામામાં જણાવ્યા મુજબની દલીલ કરેલ છે. તેમજ ફરીયાદ તથા સોગંધનામાની હકીકતોને વળગી રહેલ છે. વધુમાં જણાવેલ છે કે, આરોપીએ ચેક અં ગે કોઈ તકરાર લીધેલ નથી. ચેકોમાં સહી બાબતનો સ્વીકાર કરેલ છે. આરોપીએ પોતાનું ખાતું બંધ કરેલ છે. આંક–૫૩ થી ગુગલ પે નું હિસાબ મુકવામાં આવેલ તે ઉપરથી દેવું પુર્ણ થયાનું સાબિત થતું નથી. પંદર લાખ આપવા સક્ષમ નથી તે બાબતે દસ્તાવેજી પુરાવા રજૂ

કરેલા છે. આરોપી ધ્વારા કરાર થયાની કબુલાત કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ સમજી વિચારી સહી કરવામાં આવેલ છે. આમ ફરીયાદી સંપુર્ણ રીતે ફરીયાદ સાબિત કરેલ છે. જેથી વળતર અને સજા કરવા રજૂઆત કરેલ છે. તેમના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટી પર આધાર રાખેલ છે. જેની નીચે ચર્ચા કરવામાં આવેલ છે.

1. RANGAPPA V SRI MOHAN, (2010) 11 SCC 441
2. NEPC MICON LTD VS MAGMA LEASING LTD (1999) 4 SCC 253
3. ICDS LTD VS BEENA SHABEER, (2002) 6 SCC 426
4. HITEN P. DALAL VS BRATINDRANATH, LAW LAW (SC) 2001-7-82

(૬) આરોપીના વિ.વ.શ્રી દ્વારા આંક– ૬૫ થી લેખિત દલીલો રજુ રાખેલ છે. જેમાં જણાવેલ છે કે, ફરીયાદીની પંદર લાખ આપ્યા બાબતી કેપેસીટી નથી. આરોપી અમુલમાં નોકરી કરતો હતો. જેમાં ૧૮ થી ૨૨ હજારનો પગાર હતો. છેલ્લા આઠ માસનો પગાર મળેલ નથી. આડત્રીસ હજાર ભાડા અંગેનો કોઇ કરાર નથી. આવક અંગે કોઇ બેંક સ્ટેટમેન્ટ રજૂ કરેલ નથી કે ઇન્કમટેક્ષ રીર્ટન રજૂ કરેલ નથી. આરોપીએ તમામ રકમ આપી દીધેલ છે. જે ગુગલ પે સ્ટેટમેન્ટ રજૂ કરેલ છે. તેની સાથે કલમ–૬૫ બી નું શર્ટી પણ રજૂ રાખેલ છે. આમ આરોપીની કોઇ કેપેસીટી નથી. ફરીયાદીએ નાણાકીય કેપેસીટી પુરવાર કરેલ નથી. જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા રજૂઆત કરેલ છે. આરોપી તરફે નીચે મુજબની ઓથોરીટી પર આધાર રાખેલ છે. જેની નીચે ચર્ચા કરેલ છે.

1. TP MURUGAN VS BOJAN
2. RAJARAM NAYDU VS MURUTHAVHALAM
3. RANJITGI VS RAJARAM
4. RAMESHKUMAR VITTHALBHAI PATEL VS STATE OF GUJARAT

5. NIKHIL P. GANDHI VS STATE OF GUJARAT

મુદાઓ

(૭) આ કેસમાં મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

// મુદ્દા //

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ કાયદેસરના લેણા પેટે આરોપીએ ફરીયાદીને ચેકો પોતાની સહી વાળા આપેલ હતા જે ચેકો આપતી વખતે ફરીયાદીને એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે, સદર ચેકો બેંકમાં ભરાતા ચોકકસ સ્વીકારાય જશે અને જે ચેકો ફરીયાદીની બેંક રાજકોટ શાખા મુકામે રજૂ કરાતા સદરહું ચેકો તા.૯–૧૧–૨૨ ના રોજ "એકાઉન્ટ કલોઝડ" ના શેરા વાળા રીટર્ન મેમો સાથે પરત ફરેલ અને તે ચેકમાં લખેલ નાણા ફરીયાદીને મળેલા નહી જેથી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને ૧૪૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદા પરત્વે મારા નિર્ણયો હવે પછી ચર્ચા કર્યા પ્રમાણેના કારણોસહ નીચે મુજબ છે.

// નિ ર્ણ યો //

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

–: નિર્ણય માટેના કારણો :–

<u>મુદા નં.૧....</u>

(૯) ફરીયાદી ધ્વારા આ કામે હાલની ફરીયાદ ધી નેગોશીયે બલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ:-૧ ૩૮ મુજબના ગુના અન્વયે દાખલ કરવામાં આવેલ છે. ત્યારે આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો જોવા જરૂરી છે જે નામદાર સુપ્રિમ કોર્ટે અપર્ણા એ શાહ વિ. શેઠ ડેવલોપર્સ પ્રા.લી. એ.સી.સી.૨૦૧૩ (૮) ૭૧ ના પેરા. ૧૩ માં જણાવેલ તત્વો પુરવાર કરવાની જવાબદઢ ારી ફરીયાદી પર રહેલી છે.

I a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;

II the cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;

III that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;

IV that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;

V the payee or the holder in due course of the chequemakes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque,

within 15 days (now 30 days) of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

VI the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt ofthe said notice. Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act.”

(૧૦) આમ, જયારે ફરીયાદી દ્વારા ઉપરોકત તમામ મુદ્દાઓ પુરવાર કરવામાં આવે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૧૮(એ) તથા કલમ. ૧૩૯ અનુસાર ફરીયાદી ની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૧૮ (એ)ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુઘ્ધનુ સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનુ માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ:- ૧૩૯ની જોગવાઈ વંચાણે લેવામાં આવશે વિરુઘ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તા એ તે ચેક કલમ-૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત: અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે. પરંતુ બંને જોગવાઈમાં'' વિરુઘ્ધનુ સાબિત ના થાય તો'' તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે.

એટલે કે આ બંન્ને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે. વિરુધ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનુ ખંડન સચોટ પુરાવાથી કરવાનુ રહે છે અને આવુ અનુમાન ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. આ અનુમાનોનું ખંડન કરવા માટે આરોપીએ સાહેદના બોકસમાં આવવાની જરુર નથી. આવો જ સિંધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતના તાજેતરનો ચુકાદો જે, Basalingppa V/s. Mudibasappa 2019(5) SCC 418 માં કરેલ છે. જેમાં ફરીયાદી દ્રારા પુરવાર થયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે. જે ચુકાદાનો પેરા નં.૨૩ નીચે મુજબ છે.

23 We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on

the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden,

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

(૧૧) વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના કેસમાં ફરીયાદપક્ષે આજ કાયદાની કલમ –૧૧૮ તથા ૧૩૯ મુજબનાં અનુમાનો અદાલત કરે તેટલો પુરાવો રેકર્ડ પર રજૂ કરવાનો હોય છે અને આરોપીએ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિંધ્ધાંત મુજબ પોતાનો બચાવ કરવા માટે તેની સામે કરવામાં આવતા અનુમાનોનું ખંડન કરવાનું હોય છે. જે અંગે સંક્ષિપ્તમાં કાયદાની જોગવાઈનું અર્થઘટન તથા નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર વડી અદાલતોનાં ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ વિવિધ સિંધ્ધાંતોનો સાર નીચે મુજબ છે.

In a prosecution under Sec. 138 of N.I. Act, the court shall presume certain facts against accused upon proof of issuance of cheque by the accused to the complainant

in view of Section 118 and Section 139 of N.I. Act. However such presumptions are not conclusive in nature but they are rebuttable and it is for the accused to rebut such presumption. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities. To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or the accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely. The said presumption can also be rebutted by the accused from the admission made by the complainant in his cross examination which creates doubt on the prosecution story. It is also well settled that it is not necessary for theaccused to step in the witness box in support of his defence in all cases. It is also well settled that section139 imposed an evidentiary burden and not a persuasive burden. So it can legitimately be said that whether presumption stood rebutted or not would depend upon the facts and circumstances of each case. Furthermore it is also well settled that if the accused is not able to rebut the said presumption raised against him, he can be convicted only on the basis of such presumption. And if the accused is able to rebut the presumption, then the onus is again shifted to the complainant to prove his case beyond all reasonable doubt.

<u>ફરીયાદીની સરતપાસ અને ઉલટતપાસ</u>

(૧૨) આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી નિર્મળભાઇ નારણભાઇ બકુતરા નાઓએ આંક: ૪ થી સરતપાસ સોગંદનામું રજુ કરેલ છે તેઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબની હકીકતો સોગંધ ઉપરની સરતપાસમાં જણાવી ફરીયાદ હકીકતને પુષ્ટી આપેલ છે. આ કામે આરોપી તરફે ફરીયાદીની વિગતવાર ઉલટતપાસ કરેલ છે. ફરિઢ યાદી સાહેદે તેમની ઉલટતપાસમાં જણાવેલ છે કે ,

" હું હાલ નોકરી કરતો નથી. કેસ દાખલ કર્યો ત્યારે હું અમુલ ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરતો હતો. મારો આશરે રૂ.૧૮૦૦૦ થી રૂા.૨૨૦૦૦/- સુધી નો હતો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, અમોને રીપોર્ટીંગ ઉપર નકકી થાય. અમુલ ઈન્ડસ્ટ્રીઝમાં ૧૨ વર્ષથી નોકરી કરું છું. તે વાત ખરી છે કે, અમુલ ઈન્ડસ્ટ્રીઝમાં માલીક તથા વર્કરો વચ્ચે ઘણાં સમયથી પગાર ચુકવણી બાબતે વાંધા તકરાર ચાલુ છે. મને અમુલ ઈન્ડસ્ટ્રીઝમાં છેલ્લા આઠ માસથી પગાર મળેલો નથી. તે વાત ખરી છે કે, અમુલ ઈન્ડસ્ટ્રીઝમાં પગાર મેળવવા માટે અમો વર્કરોએ દાવો પણ કરેલો છે. લેબર કોર્ટમાં છ માસનો પગાર નથી મળેલો તે માટેનો દાવો કરેલો છે. તે વાત ખરી નથી કે, છ મહિનાનાં સમયગાળા દરમ્યાન મારે કોઈ આવક નથી. તે વાત ખરી છે કે, મારી આવક અંગેનો કોઈ આધાર મેં આ કામની આંક-૧ ની ફરીયાદ સાથે રજુ કરેલ નથી. મેં લેબર કોર્ટમાં દાવો આજથી આશરે છ થી આઠ માસ પહેલાં દાખલ કરેલો છે. મારા પરિવારામાં મારા માતા, પિતા તથા મારા પત્નિ તથા મારી બે પુત્રીઓ તેમજ મારો નાનો ભાઈ એટલા લોકોની જવાબદારી મારા ઉપર છે. આ તમામની પાછળ

માસીક ખર્ચ આશરે રૂા. ૧૨૦૦૦/– જેટલો થાય છે, તે વાત ખરી છે કે, કયારેક કોઈ આકસ્મિક કારણ બને તો આ ખર્ચો વધી પણ શકે. સવાલ :– ખર્ચ બાદ કરતા તમારી પાસે બચત સાત આઠ હજાર જેવી વધે ? જવાબ:– મારો ભાઈ નોકરી કરે છે અને મારા મમ્મી અને મારા પત્નિ મજુરી કામ કરે છે અને મારા પપ્પાની કરીયાણાની દુકાન છે. મારા પરિવારમાં મારા અગાઉ જણાવ્યા પ્રમાણે મારા ઉપર માતા, પિતા, પત્નિ તથા નાના ભાઈની તથા બે દિકરીઓની જવાબદારી છે તે વાત ખરી છે. તેવાત ખરી છે કે, મારી બચત અં ગેનો કોઈ લેખીત આધાર મેં મારી નોટીસ, આંક–૧ ની ફરીયાદ તેમજ સરતપાસનાં સોં ગદનામા સાથે રજુ કરેલો નથી. તે વાત મને હાલ યાદ નથી કે, અમુલ ઈન્ડસ્ટ્રીઝ સામે અમોએ લેબર કોર્ટમાં દાવો એક થી દોઢ વર્ષ પહેલાં કરેલો છે. હું આરોપીને આઠ દશ વર્ષથી ઓળખુ છું. આરોપી સાથે અમારે ઘરે આવવા જવાનાં વ્યવહારો છે. આરોપી મારા ઘરે કોઈ સારા નરસા પ્રસંગમાં આવેલ હોય તેનો આધાર હું રજુ કરી શકું નહીં. તે વાત ખરી નથી કે, આવો આધાર એટલા માટે રજુ કરી શકું નહીં કારણ કે આરોપી સાથે મારે આવવા જવાનો વ્યવહાર નથી. તે વાત ખરી છે કે, મેં હાલનાં વાદગ્રસ્ત વ્યવહાર સિવાય આરોપી સાથે અન્ય વ્યવહારો કરેલ છે. હું અગાઉ થયેલ વ્યવહારોનાં કોઈ લેખીત આધારો રજુ કરી શકું તેમ નથી. તે વાત ખરી નથી કે, અગાઉનાં વ્યવહારોનો આધાર એટલા માટે રજુ કરી શકું તેમ નથી કેમ કે આવો કોઈ વ્યવહાર થયેલ નથી. મારી પાસે રૂા.૧૫,૦૦,૦૦૦/– હાથ ઉપર હતા તેનો આધાર હું રજુ કરી શકું તેમ છું. હું લેખીત આધાર ત્રણ દિવસમાં રજુ કરી શકું. હું ઈન્કમટેક્ષ રીટર્ન હાલમાં ભરતો નથી. મેં છેલ્લા આશરે બે વર્ષથી રીટર્ન ભરવાનું બંધ કરી દીધેલ છે. ૨૦૨૧–૨૦૨૨ તથા ૨૦૨૨–૨૦૨૩ તથા ૨૦૨૩–૨૦૨૪ નું બેન્ક સ્ટેટમેન્ટ રજુ કરી શકું. હું ઉપરોકત સ્ટેટમેન્ટ આશરે દશેક દિવસમાં રજુ કરી શકું અને ૨૦૨૦–૨૦૨૧ તથા ૨૦૨૧–૨૦૨૨ નું ઈન્કમટેક્ષ રીટર્ન અગર હોય તો હું રજુ કરીશ.તે વાત ખરી છે કે, હું સને–૨૦૨૦–૨૦૨૧ નાં

ઈન્કમટેક્ષ રીટર્ન લઈ આવેલ નથી. સાહેદ સ્વૈરછાએ જણાવે છે કે, મેં સને–૨૦૨૦–૨ કે, મંગાવવામાં આવેલા સને–૨૦૨૦–૨૦૨૧ તથા સને–૨૦૨૧–૨૦૨૨ તથા સને–૨૦૨૨–૨૦23 છે કે, મેં સને–૨૦૨૦–૨૦૨૧નાં રીટર્ન ભરેલ નથી. તે વાત ખરી છે નાં બેન્ક સ્ટેટમેન્ટ રજુ કરેલ નથી. તે વાત ખરી નથી કે, રજુ નહી કરવાનું કારણ મારી ફાયનાન્સીયલ કેપેસીટી ચેક મુજબની થતી ન હોય અને તે રેકર્ડ ઉપર આવે તેમ હોય. મને માર્ક–૩૪/૧ વાળો વૈચાણનો નોટરાઈઝ દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છું કે, તેમાં વેંચાણ કિંમત કયાંય પંદર લાખ રૂપીયા લખેલી નથી અને માર્ક–૩૪/૧ ને બન્ને પક્ષકારોની સંમંતીથી આંક– ૩૫ આપવામાં આવે છે. તે વાત ખરી છે કે, આંક– ૩૬ વાળો 'વાળો દસ્તાવેજ સુચીત દસ્તાવેજ છે કોઈ ટાયટલ દસ્તાવેજ નથી. ચેક રીટર્ન થયાનાં કેટલા દિવસ બાદ હું મારા વિ.વ.શ્રી પાસે ગયો તે હાલ મને યાદ નથી. વિ.વ.શ્રીને મળ્યા બાદ બીજા દિવસે હું નોટીસમાં સહી કરવા માટે ગયેલો. સવાલ :– આંક–૧૯ વાળી પ્રથમ નોટીસ મોકલી ત્યાર બાદ જે રકમનો વધારો થયેલો તે રકમનાં વધારાનો કોઈ આધાર તમે નામ. કોર્ટમાં રજુ કરેલ નથી ? જવાબ :– તે વાત ખરી છે કે, વધારાની રકમનો મેં કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી. જે આંક– ૧૨ થી રજુ કરેલ સાટાખત મુજબ ખરીદનાર તરફથી રૂપિયા પંદર લાખ રોકડા મળેલ તેવું લખેલ છે. તે વાત ખરી છે કે, મેં નામ. કોર્ટમાં રજુ કરેલા ત્રણેય ચેકોમાં ચેક કુલ નંદર લાખનાં નાંખેલા નથી. આ લખાણ થયા બાદ આરોપીઓએ મને કોઈ રકમ આપેલી નથી. ને વાત ખરી નથી કે, મેં બેન્ક સ્ટેટમેન્ટ એટલા માટે રજુ કરેલ નથી કારણ = આરોપીએ મને ચુકવેલ રકમ રેકર્ડ ઉપર આવે તેમ હતી. તે વાત ખરી નથી કે, રૂપિયા પંદર લાખ =પર જે આડત્રીસ હજાર રકમ નાંખેલી છે તે વ્યાજની રકમ ગણેલી છે. તે વાત ખરી છે કે, હું નારોપીને જયારથી ઓળખું છું ત્યાર થી લઈ લખાણ થયું ત્યાં સુધી આરોપીએ કુલ મને સાડા ફ્રેંચ લાખ રૂપીયા જેવી રકમ ઓન લાઈન

(ગુગલ–પે) થી ટ્રાન્સફર કરેલી – સાહેદ સ્વૈરછાએ જણાવે છે કે, મેં પણ કરેલ છે. તા. ૧૯/૧૦/૨૧ થી લઈ નામ. કોર્ટમાં કેસ ખલ થયો ત્યાં સુધીમાં આરોપીએ કેટલી રકમ ઓન લાઈન (ગુગલ–પે)થી ટ્રાન્ફર કરેલ તે હું 7 શકું નહીં. તા.૧૯/૧૦/૨૦૨૧ થી નામ.કોર્ટમાં કેસ દાખલ થયો ત્યાં સુધીમાં રોપીએ કેટલી રકમ ઓન લાઈન(ગુગલ–પે)થી ટ્રાન્ફર તે હું મારૂ બેન્ક સ્ટેટમેન્ટ જોઈને કહી .હું ઉપરોકત મારુ બેન્ક સ્ટેટમેન્ટ જોઈને કહીશ કે કેટલી રકમ ટ્રાન્સફર થયેલી છે. તે વાત ખરી 5, મારી પાસે કોઈ નાણાધીરધારનું લાયસન્સ નથી. તે વાત ખરી નથી કે, મારી ફાયનાન્સીયલ કેપેસીટી રકમ આપવા બાબતેની ન તેમ છતાં આરોપીને વ્યાજે આપેલ પૈસાનું તથા દબાવણીથી લખાણ લઈ આરોપીએ મહતમ રકમ ચુકવી દીધેલ હોય તેમ છતાં હજુ વધારે રકમ પડાવવાની હોય જેથી ની આ વધુ રકમ પડાવવા ખોટી ફરીયાદ કરેલ છે. તે વાત ખરી નથી કે, આરોપીએ વ્યાજની રકમ તેમજ મુડીની રકમ મારા ખાતામા ઓન લાઈન(ગુગલ–પે) થી ટ્રાનસફર કરેલી હોય તે વાત હુ જાણતો હોવા છતા તે ટ્રાન્જેકશનના બેંક સ્ટેમેન્ટ જાણી જોઈને રજુ કરેલા નથી તે વાત ખરી નથી કે હુ સોંગદ પર ખોટી જુબાની આપુ છુ."

<u>બેંક સાહેદની સરતપાસ અને ઉલટતપાસ</u>

ત્યાબાર બાદ હાલના કામે સાહેદ ભાવિનભઆઈ જયંતિભાઈની આંક–૪૨ વાળી જુબાની વંચાણે લેતા તેઓએ જણાવેલ છે કે "આજરોજ હુ નામ કોર્ટનો સાહેદી સમંસની બજવણી થતા હુ નામ.કોર્ટમા હજાર રહેલ છુ. આજરોજ મારી સાથે અજયભાઈ કાનજીભાઈ કટારીયાનુ આઈસીઆઈસીઆઈ બેંકના એકાઉન્ટ નં.૬૨૪૮૦૧૫૨૯૨૫૧ ના એકાઉન્ટ ઓપનીંગ ફોર્મ સાથે લાવેલ છુ તથા એકાઉન્ટ હોલ્ડરનુ આધાર કાર્ડ સાથે એકાઉન્ટ ઓપન કરવા માટે આપેલ ચેકની કોપી લાવેલ છુ. જેમા પેઈજ નં.૨ મા સિગ્નેચર કાર્ડ છે જેની સાથે આઈ.સી.આઈ.સી.આઈ. બેંકનો એકાઉન્ટ ક્લોઝ લેટર છે. જે સંયુક્તને અમારી બૌંકના સિક્કાવાળી આજરોજ રજુ કરુ

છુ. જેના રજુ દાખલ આંક–૪૩ આપવામા આવે છે. " હાલના બેંક સાહેદની ઉલટતપાસ નથી.

<u>આરોપીનું સોગંધનામું અને ઉલટતપાસ</u>

હાલના કામે આંક–૫૦ થી સોગંધનામુ રજૂ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, ફરીયાદી પાસેથી ૫ ટકાના વ્યાજે પૈસા લીધેલ હતા. જે બેંક ટ્રાન્જેકશનથી ૪,૮૮,૨૧૧/– ચુકવી આપેલ છે. ફરીયાદીએ સીકયોરીટી પેટેનો ચેકનો દુર ઉપયોગ કરેલ છે. ફરીયાદીનું કોઈ લેણું બાકી ન હોવા છતા અમો વિરુધ્ધ વિશ્વાસ ધાત કરેલ છે. ફરીયાદીને જે બેંક ટ્રાન્જેકશન ધ્વારા ચુકવેલ છે તેનો પુરાવો રજૂ રાખીએ છીએ. રકમ મળી ગયા હોવા છતા નામદાર કોર્ટ સમક્ષ હકીકત છુપાવેલ છે. ૩૮૦૦૦/– ભાડુ ચુકવાની વાત તદન ખોટી છે. આ કામના ફરીયાદી સાથે મૌખિક કે લેખિત કોઈપણ રીતે ભાડુ ચુકવવાની બાહંધરી કયારેય આપેલ નથી. ફરીયાદીએ તેની રીતે બનાવતી ઉપજાવેલ લેણું ઉભું કરેલું છે.

ફરીયાદી દ્રારા ઉલટતપાસ લેવામાં આવેલ છે. જેમાં એ હકીકત કબુલ રાખેલ છે કે,હું ધોરણ–૧૨ સુધી ભણેલો છું. મને લખતા વાંચતા આવડે છે. હું સ્ટોક માર્કેટમાં ટ્રેડીંગ કરૂં છું.

સવાલ :– સ્ટોક માર્કેટમાં જે શેરનું લે વેચનું કામ કાજ કરો છો તે તમારા કલાઈન્ટનાં એકાઉન્ટમાંથી કરો છો ?

જવાબ :– ના. અમો માત્ર ડિમેટ એકાઉન્ટ ખોલી આપીએ છીએ. કલાઈન્ટ તેની જાતે શેર લે વેચ કરતા હોય છે.

સવાલ :– જે કલાઈન્ટને શેર લે–વેચની ખબર પડતી ન હોય તો તમે તેના શેર લે–વેચ કરી આપો છો ?

જવાબ :– ના. જો ખબર પડતી ન હોય તો એકાઉન્ટ ખોલાવે નહીં.

તે વાત ખરી છે કે, સામાન્ય રીતે કોઈપણ લખાણ કરો તે હું વાંચી સમજી અને તેમાં સહી કરૂં છું. આંક–૧૨ વાળું કબ્જા રહીત સાટાખટનો કરાર કરેલ છે તેમાં મારી સહી છે અને તે સહી મેં વાંચી સમજીને કરેલી છે અને આ લખાણમાં જે લખેલું છે તે સાચું લખેલું છે. તે વાત ખરી નથી કે, આંક–૧૨ વાળા કબ્જા રહીત સાટા કરારમાં પાના નં.(૨) પેરેગ્રાફ નં.(૨)માં જણાવ્યા મુજબ ૧૫,૦૦,૦૦૦/– રૂપિયા રોકડા તમોને મળેલ છે.

સવાલ :– સાટાખતનાં લખાણ બાદ લખાણમાં લખ્યા મુજબ ૧૫,૦૦,૦૦૦/– રૂપિયા મળેલ છે તેવું લખેલ છે પરંતુ તમને મળેલ નથી તેની કોઈ ફરીયાદ લેખીતમાં કરેલ છે ?

જવાબ :– ના.

સવાલ :– તમો તમારા આંક–૫૦ વાળા એફીડેવીટમાં ૫ % નાં વ્યાજે રૂપિયા લીધેલ છે તે બાબતે કોઈ આધાર પુરાવા રજુ કરેલા છે ?

જવાબ :– ગુગલ–પે નું સ્ટેટમેન્ટ જમા કરાવેલું છે.

સવાલ :– ગુગલ–પે નું સ્ટેટમેન્ટ રજુ કરેલું હોય તો અસલ કામ જોઈને બતાવો ?

જવાબ :– મેં ગુગલ–પે નાં સ્ક્રીન શોટ રજુ કરેલા છે તે જ છે.

મેં ફરીયાદીની નોટીસ તથા ફરીયાદીની ફરીયાદ તથા સોંગદનામું મેં વાંચેલું છે.

સવાલ :– ફરીયાદીએ તમારા ઉપર જે ચેક રીટર્નનો કેસ કરેલો છે તે વ્યવહાર સાટાખતમાં આપેલ રૂપિયા અને તે પછી નકકી થયેલ તે મુજબનાં વ્યવહારનો છે ?

જવાબ :– તે વાત ખરી છે પરંતુ ફરીયાદ ખોટી છે.

તે વાતની મને હાલ યાદ નથી કે, હાલનાં કામે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ડિમાન્ડ નોટીસ આપેલ તે પહેલાં ફરીયાદીએ નોટીસ આપેલ કે કેમ. તે વાતની મને હાલ યાદ નથી કે, આં ક–૧૯ વાળી નોટીસ ફરીયાદીએ મને આપેલ કે કેમ. તે વાત ખરી નથી કે, આંક–૧૯ વાળી નોટીસ મળ્યા બાદ મારે ફરીયાદીને ભાડું આપી દઈશ તે બાબતે નકકી થયેલું. આંક–૧૩ તથા આંક–૧૪ તથા આંક–૧૫ વાળા ચેક જોઈને કહું છું કે તે ત્રણેય ચેકોમાં મારી સહી છે. સાહેદ સ્વૈરછાએ જણાવે છે કે, ચેકનો દુરઉપયોગ કરેલ છે. આ ત્રણેય ચેકનો દુરઉપયોગ હાલની ફરીયાદ કર્યા બાદ મને ખબર પડેલી. ચેકના દુરઉપયોગ બાબતે મેં કોઈ ફરીયાદ કરેલી નથી. તે વાત ખરી નથી કે, મેં એટલા માટે ફરીયાદ નથી કરી કે, ઉપર જણાવેલ હકીકત ખોટી જણાવું છું. તે વાત ખરી નથી કે, આંક–૧૩ તથા આંક–૧૪ તથા આંક–૧૫ વાળા ચેકોમાં સહી સિવાયની વિગત મેં લખેલી છે.

સવાલ :– આંક–૧૩ તથા આંક–૧૪ તથા આંક–૧૫ વાળા ચેકો તમો હેન્ડરાઈટીંગ એક્ષપર્ટમાં મોકલવા માંગો છો ?

જવાબ :– હા. હવે હું કહું છું કે ના.

સવાલ :– આંક–૫૩ વાળા ગુગલ–પે નાં સ્ક્રીન શોટ કઈ તારીખ થી કઈ તારીખ સુધીનાં રજુ કરેલા છે ?

જવાબ :– તા.૨૬/૦૨/૨૧ થી તા.૧૬/૦૬/૨૨ સુધીનાં રજુ કરેલા છે.

તે વાત ખરી છે કે, સાટાખત થયા પહેલાંથી હું ફરીયાદીને ઓળખું છું. હું ફરીયાદીનાં પિતાની દુકાને જતો પણ કરીયાણું લેતો ન હતો. હું ફરીયાદીનાં ઘરે જતો ન હતો. હું ફરીયાદીને આંક–૧૯ વાળું સાટાખત થયું તે પહેલાંના બે વર્ષથી ઓળખું છું.

સવાલ :– આ બે વર્ષ દરમ્યાન તમારે ફરીયાદી સાથે રોકડેથી અને ઓન લાઈન વ્યવહાર થતો હતો ?

જવાબ :– તા.ર૬/૦ર/ર૧ પહેલાં કોઈ વ્યવહાર થયેલો ન હતો.

સવાલ :– તમે રઘુ રાયજાદા, ભીમભાઈ કોળી, જગદીશ જળુ, પરેશ ઉર્ફે પેઠો ડાંગર, જયા ડાંગર તથા વિનુ બકુતરા ને ઓળખો છો ?

જવાબ :– હું રઘુ રાયજાદા તથા ભીમભાઈ કોળી તથા જગદીશ જળુ તથા વિનુ બકુતરા ને ઓળખું છું.

તે વાત ખરી નથી કે, મેં રઘુ રાયજાદા તથા ભીમભાઈ કોળી તથા જગદીશ જળુ તથા વિનુ બકુતરા પાસેથી પૈસા લીધેલા છે.

સવાલ :– તમો જે સ્ક્રીન શોટ આંક–પ૩ થી રજુ કરેલ છે તેમાં તા.૩૦/૦૧/ર૦રર નો રજુ કરેલો જેમાં ''**jga no hisab puro**" તેવું લખેલ છે તો આ જગા કોણ ?

જવાબ :– તે હું જાણતો નથી.

સવાલ :– તમો જે સ્ક્રીન શોટ આંક–પ૩ થી રજુ કરેલ છે તેમાં તા.રપ/૦૧/ર૦રર નો રજુ કરેલો જેમાં ''**jga na 40 pura**" લખેલ છે તો આ જગા કોણ ?

જવાબ :– તે હું જાણતો નથી.

તે વાત ખરી નથી કે, આંક–પ૩ વાળા સ્ક્રીન શોટમાં મેં બીજાના પૈસા ફરીયાદીનાં ખાતામાં જમા કરેલ અને તે પૈસા ફરીયાદીએ જે તે વ્યકિતને ચુકવવાનાં હતા તે રૂપિયા જમા કરાવેલા છે તેનો આ બધા સ્ક્રીન શોટ રજુ કરેલા છે.

તે વાત ખરી નથી કે, આંક–પ૩ વાળા સ્ક્રીન શોટનાં પૈસા આંક–૧ર વાળા સાટાખત પેટેનાં ન હતા. સાહેદ સ્વૈરછાએ જણાવે છે કે, આં

ક–૧૨ વાળા સટાખત પેટેના હતા. આંક–૫૦ વાળા સરતપાસનાં સોં ગદનામામાં પારા નં.(૩) માં લખેલ હકીકત મુજબની મેં કોઈ ફરીયાદ કરેલ ન હતી. તે વાત ખરી નથી કે, ફરીયાદીના નાણાં ચુકવવાનાં બાકી હતા અને નાણાં ચુકવવા ન પડે તે માટે મેં આવી ખોટી જાણકારી આપેલ છે. તે વાત ખરી નથી કે, અમારે ફરીયાદીને રૂપિયા પંદર લાખ અને ભાડાની રકમ પેટે રૂપિયા આડત્રીસ હજાર ચુકવવાનાં હતા તે માટેનાં આપેલા ચેક ખોટા છે અને સિકયુરીટી પેટે આપેલ છે તેવું કથન કરેલ છે તે ખોટું છે.

તે વાત ખરી નથી કે, ફરીયાદીનું કાયદેસરનું લ્હેણું હોય તે લ્હેણું ચુકવવું ન પડે તે માટે સોંગદ પર ખોટી જુબાની આપી ખોટા પુરાવાઓ રજુ કરેલ છે.

(૧૩) **<u>બીન તકરારી બાબત:–</u>**

::–ચેકો આરોપીના ખાતાનો છે અને તેમાં આરોપીની સહી છે.

::–આંક–૧૨ વાળો કરાર માં ફરીયાદી અને આરોપીની સહી છે.

(૧૪) વધુમાં ફરીયાદ પક્ષે વિ.વ.શ્રીની એવી દલીલ છે કે, એકટની કલમ–૧ ૩૯ તથા ૧૧૮ વંચાણે લેતા એમ સ્પષ્ટ થાય છે કે જો એક વાર એમ સાબીત થાય કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ છે. તો તેવા સંજોગોમાં કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે. તે સબં ધે કાયદાની પરિસ્થિતી જોઈએ તો આવા અનુમાનો એ નિર્ણાયક પુરાવાઓ નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ તેવો કોઈ કાયદાનો નિયમ નથી. આ રોપી ફરીયાદીની ઉલટ તપાસ તથા રેકર્ડ પરના પુરાવા પરથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે છે.

ચુકાદાની સગવડતા ખાતર કલમ–૧૧૮ તથા ૧૩૯ નીચે મુજબ રજુ છે.

<u>118 Presumptions as to negotiable instruments.</u> —
Until the contrary is proved, the following presumptions shall be made:—

(a) of consideration —that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) as to date —that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) as to time of acceptance —that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) as to time of transfer —that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) as to order of indorsements —that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) as to stamps —that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) that holder is a holder in due course —that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

139. Presumption in favour of holder.—

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

(૧૫) વધુમાં આ કામે કયા કયા સંજોગોમાં અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના ઉપર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે માટે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **હીતેન પી. દલાલ વિ. બ્રદ્રિનાથ બેનરજી એ.આઈ.આર. ૨૦૦૧ એસ.સી.૩૮૯૭ માં પેરા. ૨૦, ૨૧ અને ૨૩** માં ઠરાવેલ છે. જે નીચે મુજબ છે.

(B) Negotiable Instruments Act (26 of 1881), S.139, S.138 - DISHONOUR OF CHEQUE - Dishonour of cheque - Presumption that cheque was drawn for discharge of liability of drawer - Is presumption of law - Ought to be raised by Court in every case – Rebuttal evidence - Nature - Mere plausible explanation is not sufficient -

Proof of explanation is necessary. Evidence Act (1 of 1872), S.114, S.101, S.102, S.103, S.104.

Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions bywhich the Court "may presume" a certain state of
affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the

reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted. (Para 23)

આમ ઉપરોકત ચુકાદા મુજબ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહે છે અને જો આરોપી અનુમાનોનું ખંડન ન કરી શકે તો માત્ર અનુમાનો ઉપર આધાર રાખીને પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે.

<u>મુલ્યાંકન</u>

(૧૬) આમ રજુ થયેલ ઉપરોકત તમામા પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આંક-૧૩,૧૪,૧૫ વાળા અસલ ચેકોમાં સહી બાબતની કોઈ તકરાર નથી. જે ચેકો તા.૦૪/૧૧/૨૦૨૨ અને ૦૮/૧૧/૨૦૨૨ ના છે. જે ચેકો ૦૫/૧૧/૨૦૨૨ તથા ૦૯/૧૧/૨૦૨૨ ના રોજ ઈન સફીસીયન્ટ ફંડના શેરા સાથે પરત ફરેલ છે. એટલે કે ચેક ત્રણ મહીનાની સમય મર્યાદામાં રજુ કરેલ છે. સદર ચેકો આરોપી ધ્વારા નીભાવવામાં આવતા ખાતામાંથી ફરીયાદીને ચેક આપેલાનું જણાઈ આવે છે તેમજ સદર ચેક આરોપીના ખાતામાં ઈન સફીસીયન્ટ ફંડના કારણે પરત ફરેલ છે. સદર ચેક રીટર્ન થયાની જાણ થયા બાદ ફરીયાદીએ દિન-૩૦ માં તા. ૨૨/૧૧/૨૦૨૨ ના રોજ આર.પી.એ.ડી મારફત ડીમાન્ડ નોટીસ આરોપીને સમય મર્યાદામાં આપેલાનું તેમજ તે નોટીસ આરોપીને બજેલ હોવાનું જણાઈ આવે છે. સદર નોટીસ આરોપીને તા.૨૩/૧૧/૨૦૨૨ ના રોજ બજી ગયેલ હોવા છતાં ચેકના નાણાં દિન-૧૫ માં ફરીયાદીને ચુકવી આપેલ નથી તેવુ ફરીયાદી ધ્વારા રજુ કરેલ ફરીયાદ તથા રજુ કરેલ દસ્તાવેજ ઉપરથી જણાઈ આવે છે. ફરીયાદીએ સમયમર્યાદામાં હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ, જે નામદાર કોર્ટના અનુગામી ન્યાયધીશ દ્રારા ફરીયાદીને દાખલ કરી આરોપી વિરૂધ્ધ નેગો.ઈન્સ્ટ્રુ.એકટની કલમ-૧

૩૮ મુજબનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. **આમ ઉપર જણાવેલ હાલનો કેસ સાબીત કરવા માટેના તત્વો નં.૧, ૩,૪,૫ અને ૬ ફરીયાદી ધ્વારા સાબીત કરેલ હોવાનું જણાઈ આવે છે.**

હવે, તત્વ નં. ૨ આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરનું દેવુ અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો કે કેમ? તે બાબતે પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીની ફરીયાદ મુજબ આંક-૧૨ના કરાર મુજબ આરોપીનું મકાન અઢાર લાખમાં ખરીદવા પેટે પંદર લાખ ચુકવેલ હતા. જે પેટે સમાધાન થતા પંદર લાખ ચુકવેલ હતા તે અને મકાન વાપરેલ તેના ભાડા પેટે આડત્રીસ લાખ આપવા માટે ચેકો આપેલ હતા. જે પેટે આરોપીએ નીચે મુજબના બચાવો લેવામાં આવેલ છે.

(૧૬.૧) **આરોપીએ નાણાકીય કેપેસીટી નથી તે બાબતનો બચાવ લેવામાં આવેલ છે.** જે બાબતે ચર્ચા કરવામાં આવે તો ફરીયાદની ઉલટતપાસ ધ્યાને લેતા અમુલ ઈન્ડસ્ટ્રીઝમાં અઢાર હજાર થી બાવીસ હજાર માં નોકરી કરતા હતા જેમાં છેલ્લા આઠ માસથી પગાર મળેલ નથી. પગાર ચુકવણી બાબતે ધણા સમયથી વાંધા તકરાર ચાલુ છે. આમ ફરીયાદીની આવક અંગેનો કોઈ આધાર રજૂ કરેલો નથી. ફરીયાદી પાસે પંદર લાખ હાથ ઉપર હતા તેવો કોઈ પુરાવો ફરયાદી રજૂ કરી શકેબ તેમ નથી. જે હકીકત ઉલટતપાસમાં કબુલ રાખેલ છે. તેમજ ફરીયાદીએ પોતાનું બેંક સ્ટેટમેન્ટ સને ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩, ૨૦૨૩- ૨૪ નું દસ દિવસમાં રજૂ કરવા જણાવેલ હતું પરંતું કોઈ સ્ટેટમેન્ટ રજૂ કરેલ નથી. આમ ફરીયાદી આટલી મોટી રકમ ચુકવવા માટે સક્ષમ હતા તેવો કોઈ પુરાવો રજૂ કરેલ નથી. તેમજ ઈન્કમટેક્ષ રીર્ટન પણ રજૂ કરવામાં આવેલ નથી.

આમ જયારે કોર્ટમાં ફરીયાદી દ્રારા પુરાવો કે ખુલાસો કે બીજા કોઈ દસ્તાવેજો રજૂ ના કરે ત્યારે **ભારતીય પુરાવા અધિનિયમ ની**

<u>કલમ–૧૧૪(જી) The Court may presume- (g) That evidence which could be and is not produced would, if produced, be unfavourable to the person who withholds it;</u> મુજબ તેમની વિરુધ્ધમાં અનુમાન કરી શકાય છે. આમ ફરીયાદી કંઈક છુપાવવા માંગતા હોય તો જ રજૂ કરે નહી તેવુ માની શકાય. વધુમાં શા માટે રજૂ કરેલ નથી. તેવી હકીકત પણ જણાવેલ નથી. આમ સત્ય હીકકત કોર્ટમાં આવી જાય તે માટે પણ કોર્ટમાં રજૂ કરેલ નથી તેવુ માની શકાય છે. વધુમાં ફરીયાદી પોતે રકમ આપવા માટે સક્ષમ હતા તે બાબતે કોઈ બેંકનું સ્ટેટમેન્ટ કે ઈન્કમટેક્ષનું રીર્ટન પણ રજૂ રાખેલ નથી.

જયારે <u>**નામદાર સુપ્રિમકોર્ટ દ્રારા 2015 SAR (CRIMINAL) 162 પર પ્રસિધ્ધ થયેલ K.SUBRAMANI VS K. DAMODARA NAIDU**</u> ના કેસમાં ઠરાવેલ છે કે, આવા કિસ્સામાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરી શકાય પરંતું તે સમયે ફરીયાદીની નાણાકીય કેપેસીટી પણ જોવી જોઈએ. ફરીયાદમાં જણાવેલ છે તેટલી નાણાકીય કેપેસીટી શુ ફરીયાદી ધરાવે છે કે કેમ તે પણ જોવુ જોઈએ. હાલના કેસમાં ફરીયાદીએ જે રકમ દર્શાવેલ છે તે રકમ ખરેખર ફરીયાદી હાથ ઉછીના આપી શકે તેટલી તેની આર્થિક સધ્ધરતા છે કે કેમ, તે પણ ધ્યાને લેવુ જોઈએ. આટલી મોટી રકમ કયાંથી કઈ રીતે મેળવી તે દર્શાવતો કોઈ આધાર પુરાવો રજૂ કરેલ નથી.

જયારે <u>**નામદાર સુપ્રિમકોર્ટ દ્રારા CRIMINAL APPEAL NO. 636/2019 થી પ્રસિધ્ધ થયેલ BASALINGAPPA VS MUDIBASAPPA**</u> ના કેસમાં પેરા ૨૪ અને ૨૯ માં ઠરાવેલ છે કે, <u>24. During complainant, he made payment of Rs.18 lakhs. The his</u>

cross-examination, when financial capacity to pay Rs.6 lakhs to the accused was questioned, there was no satisfactory reply given by the complainant. evidence on record, thus, is a probable defence on behalf of the accused, which shifted the burden on the complainant to prove his financial capacity and other facts.

29. High Court without discarding the evidence, which was led by defence could not have held that finding of trial court regarding financial capacity of the complainant is perverse. We are, thus, satisfied that accused has raised a probable defence and the findings of the trial court that complainant failed to prove his financial capacity are based on evidence led by the defence.

આમ જજમેન્ટ મુજબ હાલના કેસમાં સાત લાખ બાબતે ફાયનાન્સીયલ કેપેસીટી બાબતે બચાવ લેવામાં આવેલ છે. ત્યાર બાદ ફરીયાદી ઉપર બોજો સીફ્ટ થાય છે અને ફરીયાદી દ્રારા નાણાકીટ કેપેસીટી બાબતે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી કે કોઈ બેંક સ્ટેટમેન્ટ કે ઈન્કમટેક્ષ રીર્ટન પણ રજૂ રાખેલ નથી. જેથી સદર ચુકાદો આરોપીને મદદરૂપ થાય છે.

વધુમાં હાલના કામે ઈન્કમટેક્ષ રીર્ટન રજૂ કરેલ નથી તેવો બચાવ લેવામાં આવેલ છે. તે બાબતે **નામદાર ગુજરાત હાઈકોર્ટના** Bhavubha Bechar Sinh Chavda Versus State Of Gujarat 2025 (0) AIJEL-HC 252860 ઠરાવેલ છે **જે ધ્યાને લેવુ જરુરી છે. In the entire evidence on record the applicant has not been able to prove that the amount of Rs.15,00,000/- was given to the accused and during the cross-examination, the accused has successfully challenged the financial capacity of the applicant. It is the case of the applicant that the accused had taken the amount of Rs.15,00,000/- as hand loan**

from him, but there is no of evidence that the applicant had the financial capacity to give the amount of Rs.15,00,000/-, the accused in cash on 01.12.2008. The applicant has categorically stated that he has not shown the amount in his Income Tax Returns and there is no evidence on record to suggest that the applicant had the financial capacity and he could advance the huge amount of Rs.15,00,000/- in cash to the accused. Moreover, the applicant has stated that the power of attorney for the immovable property of the accused was executed on the date when the amount was advanced, but no such document has been produced on record. During the cross-examination of the applicant by the learned advocate for the accused, the presumption has been successfully rebutted and thereafter no evidence has emerged on record from the applicant to prove his case beyond reasonable doubts.

આમ આ જજમેન્ટમાં પણ ઈન્કમટેક્ષ રીર્ટન રજૂ કરવામાં આવેલ ના હતુ જેથી નાણાકીય કેપેસીટી કેટલી છે તે બાબતનો ખ્યાલ આવી શકે નહી. અને આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ હતો. આ જ હકીકત હાલના કેસમાં પણ લાગુ પડે છે. ફરયાદી તરફે ઈન્કમટેક્ષ રીર્ટન રજૂ કરીને નાણાકીય કેપેસીટી દર્શાવતો કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

વધમાં Hon'ble Highcourt Kerela, Thangam vs V.V.Haridasan, Para No. 13 to 19 ધ્યાને લેવુ જરૂરી છે. જે નીચે મુજબ છે.

13. It is well settled that the standard of proof which is required from the accused to rebut the statutory presumption under Sections 118 and 139 of the N.I Act is preponderance of probabilities and that the accused is not required to prove his case beyond reasonable doubt. The standard of proof, in order to rebut the statutory presumption, can be inferred from the

materials on record and circumstantial evidence.

14. In **ANSS Rajashekar v. Augustus Jeba Ananth [2019 (2) KHC 155= 2019 (1) KLD 492]** , it was held that when evidence elicited from complainant during cross examination creates serious doubt about the existence of debt and about the transaction and the complainant fails to establish the source of funds, the presumption under Section 139 is rebutted and the defence case stands probabilised.

15. In **APS Forex Services Pvt. Ltd. v. Shakti International Fashion Linkers and Others [2020 (1) KHC 957 = 2020 (1) KLD 313]** , it was held that whenever the accused questioned the financial capacity of the complainant in support of his probable defence despite the presumption under Section 139 onus shifts again on the complainant to prove his financial capacity.

16. The learned counsel for the appellant relied on the decision of the Hon'ble Supreme Court in **Sanjabij Tari v. Kishore S.Borcar [2025(6) KHC 250(SC)]** and argued that the failure of the accused to reply to the statutory notice under Section 138 of the N.I Act leads to an inference that there is merit in the version of the complainant and that the burden is on the accused to prove that there was no existing debt or liability, as held by the Hon'ble Supreme Court in **M.M.T.C Ltd. v. Medchil Chemicals And Pharma (P) Ltd. [2002 KHC 241]** .

17. The decision of the Hon'ble Supreme Court in Sanjabij Tari's case (Supra) would clearly show that ultimately, it becomes the duty of the courts to consider carefully and appreciate the totality of the evidence and then come to a conclusion whether, in the given case, the accused has shown that the case of the complainant is in peril for the reason that the accused has established a probable defence.

18. It is well settled that the offence made punishable under Section 138 of the N.I Act is a regulatory offence for improving the credibility of negotiable instruments and therefore, the test of proportionality should guide the construction and interpretation of the statutory presumptions and the accused cannot be expected to discharge an unduly high standard of proof. Therefore, if the accused is able to raise a probable defence, which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. In **Chandrappa v. State of Karnataka**

[(2007) 4 SCC 415] , the Honourable Supreme Court laid down the general principles regarding the powers of the appellate court while dealing with an appeal against an order of acquittal in paragraph 42 of the said judgment as follows:

> 42. From the above decisions, in our considered view, the following general principles regarding powers of the appellate court while dealing with an appeal against an order of acquital emerge:
>
> (1) An appellate court has full power to review, reappreciate and reconsider the evidence upon which the order of acquital is founded.
>
> (2) The Code of Criminal Procedure, 1973 puts no limitaton, restricton or conditon on exercise of such power and an appellate court on the evidence before it may reach its own conclusion, both on questons of fact and of law.
>
> (3) Various expressions, such as, substantal and compelling reasons, good and sufcient grounds, very strong circumstances, distorted conclusions, glaring mistakes, etc. are not intended to curtail extensive powers of an appellate court in an appeal against acquital. Such phraseologies are more in the nature of fourishes of language to emphasise the reluctance of an appellate court to interfere with acquital than to curtail the power of the court to review the evidence and to come to its own conclusion.
>
> (4) An appellate court, however, must bear in mind that in case of acquital, there is double presumpton in favour of the accused. Firstly, the presumpton of innocence is available to him under the fundamental principle of criminal jurisprudence that every person shall be presumed to be innocent unless he is proved guilty by a competent court of law. Secondly, the accused having secured his acquital, the presumpton of his innocence is further reinforced, reafrmed and strengthened by the trial court.
>
> (5) If two reasonable conclusions are possible on the basis of the evidence on record, the appellate court should not disturb the fnding of acquital recorded by the trial court.

19. On a careful re-appreciation of the entire evidence, I find that the view taken by the trial court is a possible view, as the evidence of DW1 and Exhibit D1 is sufficient to rebut the statutory presumption regarding consideration, especially in view of the fact that the accused has disputed the transaction and financial capacity of the complainant and therefore, I find no reason to interfere with the finding of the trial court and I find that this appeal is liable to be dismissed.

સદર જજમેન્ટમાં પણ ફાયનાન્સીયલ કેપેસીટી બાબતે બચાવ લેવામાં આવેલ હતો જે ફરીયાદી દ્રારા કોઈ પુરાવો રજૂ કરેલ ના હોય ફરીયાદીની અપીલ રદ કરવામાં આવેલ હતી. તે જ રીતે હાલના કેસમાં પણ ફરીયાદી દ્રારા કોઈ નાણાકીય સધ્ધરતા બાબતે કોઈ પુરાવો રજૂ કરેલ નથી. જેથી સદર જજમેન્ટ પણ આરોપીને મદદકર્તા છે. તેમજ ફરીયાદી તરફે જે ચુકાદાઓ રજૂ કરવામાં આવેલ છે જે હાલના કેસની હકીકતથી તદન ભિન્ન હોય લાગુ પાડી શકાય નહી.

(૧૬.૨) **આરોપી તરફે ફરીયાદી સાથે આડત્રીસ હજાર ભાડા પેટે કોઈ કરાર કરવામાં આવેલ નથી તેવો બચાવ લેવામાં આવેલ છે.** આ બાબતે ચર્ચા કરવામાં આવે તો આંક–૧૨ વાળા સાટાખતના કરારના આધારે વેચાણ કીંમત અઢારલાખ પૈકી પંદર લાખ ચુકવેલાનું જણાવેલ છે જયારે નેવુ દીવસમાં લોન પુરી કરી ટાઇટલ મેળવી ને દસ્તાવેજ કરાવી લેવાનું જણાવેલ છે. આમ સદર કરાર માં મકાનના ભાડા પેટે આડત્રીસ હજાર ચુકવવા પડશે તેવુ કયાંય જણાવેલ નથી. આંક–૧૨ વાળા કરાર માં એવુ પણ કયાંય જણાવેલ નથી કે,મકાનનો ઉપયોગ કરવા પેટે ભાડુ ૩૮૦૦૦/– ચુકવવું પડશે. આમ આ ભાડાના ૩૮૦૦૦/– બાબતના લેણા પેટે ફરીયાદીએ કોઇ આધાર પુરાવો કે ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં સામાન્ય રીતે મકાન માલિક જ ભાડા કરાર કરી શકે છે અને મકાન માલિક જ ભાડુ મેળવી શકે છે. હાલના કામના ફરીયાદીએ આંક–૧૨ થી સાટા કરાર રજૂ કરવામાં

આવેલ છે જેનાથી ફરીયાદી માલિક બનેલ નથી. જો માલીક જ બનેલ નથી તો ભાડુ કઇ રીતે વસુલી શકે છે. આમ માનવા ખાતર માની લેવામાં આવે કે કહેવાતા કરાર મુજબના પંદર લાખ ફરીયાદીના લેણા આરોપી પાસેથી નીકળે છે તો પણ લેણાથી વધુ રકમની માંગણી કરી શકે નહિ. જો એક રૂપિયો પણ વધારે હોય તો પણ કાયદેસરની લેણી રકમ કહી શકાય નહિ. હાલના કામે ભાડા પેટે આડત્રીસ હજાર પુરા નો કોઈ ભાડા કરાર નથી કે એવો કોઇ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. જેથી આડત્રીસ હજાર કાયદેસરની લેણી રકમ કહી શકાય નહિ. માનવા ખાતર માની લેવામાં આવે કે પંદર લાખ કાયદેસરની લેણી રકમ છે. તો પણ કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ લેણી રકમથી વધુની રકમનો ચેક કાયદેસરની લેણી રકમ કહી શકાય નહી. વધુમાં ગુગલપે ના સ્ક્રીન શોટ મુજબ રકમ પરત મળેલ છે બાબતે પણ કોઈ ખુલાસો કરેલ ન હોય જેથી રકમ ફરીયાદીને મળેલ છે તેવુ માની શકાય છે. એટલેકે આ ફરીયાદીએ બાકી લેણા કરતા વધારાની રકમનો ભરીને બેંકમાં નાંખેલ છે તેવુ માની શકાય. આ બાબતે **નામદાર ગુજરાત હાઈકોર્ટનો ક્રીમીનલ અપીલ નં.૧૪૮/૯૮ તા.૨૩/૦૩/૨૦૧૦, પટેલ નાથુભાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** નો ચુકાદો ધ્યાને લેવો જરુરી બને છે. જેમાં પેરા નં.૯ નીચે મુજબ છે.

(9) The Section 138 of the NI Act is provisions of law providing for penal consequence upon breach thereof. The provisions of Section 138 of NI Act, therefore, are required to be construed strictly. The complainant has in his testimony admitted that, when he presented the cheque before the Bank on 23rd May,1995, the outstanding legal due was not Rs.1 Lac, but only 85,000/-. Therefore, learned advocate Shri Dave for the respondents is correct in contending that the negotiable instrument i.e. cheque in question did not represent the legally enforcible debt or dues and when the instrument itself did not represent

the correct figure and when the complainant could not have legally enforced the cheque amount against the accused respondents, then the presenting thereof and not honouring, the same would not bring any criminal consequence as the essential ingredients of Section 138 of NI Act would not be fulfilled.

આમ જો કાયદેસરના માંગણા કરતા વધારાનું લેણા બાબત જો ચેક ભરવામાં આવે તો આ ચુકાદા મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેનટ એકટની કલમ–૧૩૮ લાગુ પડે નહી. આ ચુકાદો અત્રેની હકીકતને બંધ બેસતો લાગુ પડે છે.

વધુમાં આજ બાબતે તાજેતરમાં નામદાર સુપ્રિમકોર્ટે Dashrathbhai Trikambhai Patel Versus Hitesh Mahendrabhai Patel, 2022 (0) AIJEL-SC 69962 ના ચુકાદાના પેરા નં.૩૦ નીચે મુજબ છે.

30. In view of the discussion above, we summarise our findings below:

(i) For the commission of an offence under Section 138, the cheque that is dishonoured must represent a legally enforceable debt on the date of maturity or presentation;

(ii) If the drawer of the cheque pays a part or whole of the sum between the period when the cheque is drawn and when it is encashed upon maturity, then the legally enforceable debt on the date of maturity would not be the sum represented on the cheque;

(iii) When a part or whole of the sum represented on the cheque is paid by the drawer of the cheque, it must be endorsed on the cheque as prescribed in Section 56 of the Act. The cheque endorsed with the payment made may be used to negotiate the balance, if any. If the cheque that is endorsed is dishonoured when it is sought to be encashed upon maturity, then the offence under Section 138 will stand attracted;

(iv) The first respondent has made part-payments after the debt was incurred and before the cheque was encashed upon maturity. The sum of rupees twenty lakhs represented on the cheque was

not the 'legally enforceable debt' on the date of maturity. Thus, the first respondent cannot be deemed to have committed an offence under Section 138 of the Act when the cheque was dishonoured for insufficient funds; and

(v) The notice demanding the payment of the 'said amount of money' has been interpreted by judgments of this Court to mean the cheque amount. The conditions stipulated in the provisos to Section 138 need to be fulfilled in addition to the ingredients in the substantive part of Section 138.

Since in this case, the first respondent has not committed an offence under Section 138, the validity of the form of the notice need not be decided.

જો કાયદેસરના લેણાથી વધુ રકમનો ચેક ભરી ફરીયાદ કરેલ હોય તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેનટ એકટની કલમ–૧૩૮ લાગુ પડે નહી. જેથી હાલની હકીકત સદર ચુકાદાને અનુરુપ હોય જેથી હાલનો ચુકાદો હાલની ફરીયાદને લાગુ પાડી શકાય. તેવુ અત્રેની કોર્ટનું માનવું છે.

(૧૬.૩) **આરોપી એ રકમ ચુકતે કરી દીધેલ છે. તેવો બચાવ લેવામાં આવેલ છે.** આ બાબતે ચર્ચા કરવામાં આવે તો ફરીયાદી ઉલટતપાસમાં આરોપીએ ફરીયાદી જયારથી ઓળખે છે ત્યાર થી લખાણ થયુ ત્યાં સુધી સાડા પાંચ લાખ જેટલી રકમ ઓનલાઇન ગુગલ પે થી ચુકવેલ છે તેવી હકીકત કબુલ રાખેલ છે. વધુમાં ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, ફરીયાદીએ પણ ટ્રાન્સફર કરેલ છે. વધુમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, તા.૧૯/૧૦/૨૧ થી કેસ દાખલ થયો ત્યાં સુધીમાં કેટલી રકમ ગુગલ પે થી ટ્રાન્સફર કરેલ તે બેંક સ્ટેટમેન્ટ જોઇને કહી શકે. આમ ફરીયાદીએ કેટલી રકમ ટ્રાન્સફર થી મેળવેલ છે તે કોઈ સ્ટેટમેન્ટ રજૂ કરેલ નથી. પરંતું આરોપીએ તે ગુગલ પે સ્ક્રીનશોટ રજૂ કરેલ છે. વધુમાં આરોપીએ આંક–૫૦ થી પોતાની જુબાનીનું સોગંધનામું રજૂ કરેલ છે. જેમાં ફરયાદી પાસેથી ૫ ટકાના વ્યાજે રકમ લીધેલ હતી જે પરત ચુકવી આપેલ હતી. જે સ્ક્રીનશોટ આંક–૫૩ થી રજૂ રાખેલ છે. આંક–૫૪ થી ભારતીય પુરાવા

અધિનિયમ ની કલમ–૬૫(બી) મુજબનું શર્ટી રજૂ રાખેલ છે. આંક–૫૩ વાળા ગુગલ પે ના સ્ક્રીનશોટ તથા આંક–૫૪ થી કલમ–૬૫ (બી) ના શર્ટી બાબતે કોઇ વાંધો ફરીયાદી તરફે લેવામાં આવેલ નથી. જેથી પુરાવામાં વંચાણે લઇ શકાય છે. આરોપીની ઉલટતપાસમાં આરોપીએ આંક–૧૨ વાળો કરાર સાચો છે, જે લખેલ છે તે સાચુ લખેલ છે અને વાંચી સમજીને સહી કરેલ છે તે હકીકત કબુલ રાખેલ છે. આમ જયારે આંક–૧૨ વાળો કરાર આરોપી કબુલ રાખતો હોય તો તે કરારના આધારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબનું અનુમાન કરી શકાય છે. જેનાથી ફરીયાદીએ રકમ ચુકવેલ છે તેવુ માની શકાય નહી. જે બાબતે તો ફરીયાદીએ નાણાકીય કેપેસીટી બાબતે પુરાવો રજૂ કરવો પડે. જે રજૂ કરેલ નથી. હાલના કામે આંક–૫૩ થી ગુગલ પે ના સ્ક્રીન શોટ જોવામાં આવે તો તેમાં તા.૨૬/૨/૨૦૨૧ થી ૧૬/૬/૨૦૨૨ સુધીના રજૂ કરેલા છે. જેમાં આરોપીએ ગુગલ પે થી અલગ અલગ રકમથી ૪,૯૭,૪૫૦/– જેટલી રકમ ચુકવેલ છે. તેમજ ફરીયાદીએ આરોપીને ૯૮,૦૦૦/– ત્રણ કટકે ચુકવેલ છે. આમ ૯૮૦૦૦/– સામે આરોપીએ ૪,૯૭,૪૫૦/– જેટલી મોટી રકમ કેમ ચુકવેલ છે તે બાબતે ફરીયાદીએ કોઇ ખુલાસો કરેલ નથી જેથી આરોપીની હકીકત માની શકાય છે. આમ ફરીયાદી ના કહેવા મુજબ બીજા વ્યવહારો પણ થયેલા છે તો તે બાબતે ફરીયાદીએ ખુલાસો કે પુરાવો રજૂ કરવો પડે, જે રજૂ કરેલ નથી. આમ આરોપીના કહેવા મુજબ પાંચ ટકાએ વ્યાજે રકમ લીધેલ છે તે હકીકત માની શકાય તેમ છે.

વધુમાં આરોપીની ઉલટતપાસમાં ફરીયાદીએ આંક–૫૩ થી રજૂ કરેલ ગુગલ પે ના સ્ક્રીનશોટમાં તા. ૨૫/૧/૨૨ ના રોજ ૧૦,૦૦૦/– ટ્રાન્સફર કરેલ છે તેમાં " jga na 40 pura" તે બાબતે પુછતા આરોપી જગા એટલે કોણ જાણતો નથી તેવુ જણાવેલ છે. જયારે તા.૩૦/૧/૨૦૨૨ ના સ્ક્રીનશોટમાં ૩૦૦૦/– ટ્રાન્સફર કરેલ છે જેમાં "jga no hisab puro" તે બાબતે પુછતા આરોપી

જગા એટલે કોણ જાણતો નથી તેવુ જણાવેલ છે. આમ સદર રકમ ફરીયાદીના ખાતામાં ગુગલ પે કરવામાં આવેલ છે તો ફરયાદીને તો ખબર જ હોય કે આ રકમ કોના પેટે આપેલ છે તે બાબતે ફરીયાદી દ્વારા કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી. આમ આરોપીની સોગંધનામા માં જણાવેલ હકીકત માનવા લાયક છે.

આમ ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા ફરીયાદીએ કાયદેસરનું લેણુ હોય તે બાબત પુરવાર કરી શકેલ નથી. **<u>આમ તત્વનં.ર ફરીયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.</u>**

(૧૬.૪) હાલના કામે આંક–૧ર વાળો સાટાખત મિલકતને લગતો છે. જે કરાર બે લાખ થી વધુની રોકડ રકમનો છે. જેથી **<u>નામદાર સુપ્રિમકોર્ટના આર.બી.એ.એન. એમ.એસ. એજયુકેશન ઇન્સ્ટીટયુટ વિરુધ્ધ બી ગુનાશેખર, સી.અ.નં.પર૦૦/રપ ના</u>** ચુકાદામાં ઠરાવ્યા મુજબ ઇન્કમટેક્ષ કચેરી રાજકોટ ખાતે જાણ કરવી જરુરી જણાય આવે છે.

(૧૭) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ એન.ઈ.એકટની કલમ–૧૩૯ ના અનુમાનોનું ખંડન કરવા આરોપીપક્ષે સંભવિત બચાવ ઉભો કરેલ છે. કાયદા મુજબ આરોપીના ખાતાનો સહી વાળો ચેક ફરીયાદી પાસે કઈ રીતે આવ્યો તેનો પુરાવો આરોપી પક્ષે આપવાનો રહે છે. જયારે ચેકમાં ડ્રોવરની સહી હોય અને તે સહી બીનતકરારી હોઈ અને પેઈ દ્વારા તે ચેક બેંકમાં ભરવામાં આવેલ હોય ત્યારે તે ચેક કાયદેસરના દેવા તથા જવાબદારી માટે આપવામાં આવેલ હોવાનું પેઈની તરફેણમાં અનુમાન કરવા કાયદાની કલમ–૧૧૮,૧૩૯ માં જોગવાઈ કરવામાં આવેલ છે. પરંતુ આરોપી પક્ષ દ્વારા ફરીયાદમાં જણાવેલ લેણા અં ગે સંભવિત બચાવ ઉભો કરેલ છે, ત્યારે તે બાબતનો પુરાવો ફરીયાદ

પક્ષે આપવાનો રહે છે. હાલના કેસમાં ફરીયાદી ધ્વારા તે બાબતેનો બીજો કોઈ જ પુરાવો રજુ કરેલ નથી ત્યારે આરોપી પક્ષનો બચાવ ન માનવાને કોઈ કારણ નથી.

(૧૮) આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુમાનોનું ખંડન કરવામાં સફળ રહેલ છે અલબત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાના આધારે બચાવપક્ષે સદરહું અનુમાનોનું ખંડન કરેલ છે તથા આરોપી, ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો તથા ફરીયાદીની ઉ.ત. ધ્વારા પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત મુજબ સાબીત કરેલ છે. આમ, હાલના કેસમાં રેકર્ડ પરના પુરાવાઓ તથા બચાવ પક્ષની દલીલો તથા ફરીયાદીની ઉ.ત. તથા ઉપરોકત ચર્ચા કરેલ ચુકાદાઓથી એમ સાબીત થાય છે કે ફરીયાદી તેનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ, ઉપરોકત ચર્ચાને અંતે **મુદાનં. ૧ નો નિર્ણય નકારાત્મક** ઠરાવવામાં આવે છે અને **મુદા નં. ૨ માટે આખરી હુકમ** નીચે મુજબ કરવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

- આ કામના આરોપી અજયભાઈ કાનજીભાઈ ખાટરીયાને ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ–૨૫૫(૧) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને ૧૪૨ ના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- સદર પક્ષકારો વચ્ચે થયેલ આંક–૧૨ વાળો સાટાકરાર નામદાર સુપ્રિમકોર્ટના સી.અ.નં.૫૨૦૦/૨૫ ના ચુકાદામાં ઠરાવ્યા

મુજબ ૩.૧૫,૦૦,૦૦૦/– ના રોકડ વ્યવહાર સંદર્ભે યોગ્ય થવા સારુ કમિશનર શ્રી, ઈન્કમટેક્ષ રાજકોટનાઓને જાણ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધીના જામીન રૂ.૧૫૦૦૦/–ના રજૂ રાખવાનો હુકમ કરવામાં આવે છે.
- હુકમ આજ ૦૧–૦૭–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૧–૦૭–૨૦૨૬ (કમલેશકુમાર રમેશભાઈ ગાગનાણી)
રાજકોટ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (મ્યુનીસીપાલ) ,રાજકોટ
SELF કોડનં.જી.જે.૦૧૬૮૭